મેડીકલ/ એન્જીનિયરીંગ/ ડીપ્લોમાં અભ્યાસક્રમમાં
અભ્યાસ કરતાંઅનુ.જાતિના વિદ્યાર્થીઓને સાધન સહાય

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
સચિવાલય, ગાંધીનગર
ઠરાવ ક્રમાંક:SCW/૧૦૧૫/૫૭૬૨૬૪/ગ
તા.૨૪/૧૦/૨૦૧૬

વંચાણે લીધા:-

(૧) સમાજ કલ્યાણ વિભાગના ઠરાવ ક્રમાંક: પીએમએચ/૧૫૯૭/ન.બા-૧૭/ગ, તા.૪/૧૧/૧૯૯૭
(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવ ક્રમાંક: પીએમએસ/૧૩૦૫/નબા-૩૩-ગ, તા.૯/૫/૨૦૦૬
(૩) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવ ક્રમાંક: અજાક/૧૩૦૭/ન.બા.૯-ગ, તા.૨૬/૩/૨૦૦૮
(૪) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવક્રમાંક: એસસીડબલ્યુ/૧૦૧૪/ન.બા.૭૭/ગ તા.૨/૮/૨૦૧૪

## સંકલિત ઠરાવ

રાજયના મેડીકલ/એન્જીનિયરીંગ/ડિપ્લોમા અભ્યાસક્રમોમા જરૂરી સાધનોની આવશ્યકતા રહે છે. આ સાધનોની કિંમત વધુ હોવાથી અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ તેમની આર્થિક સ્થિતિ નબળી હોવાથી ખરીદી કરી શકતાં નથી અને અભ્યાસમાં મુશ્કેલી ઉભી થાય છે. અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ અભ્યાસ કરી શકે તે હેતુથી આવા વિદ્યાર્થીઓને સાધન સહાય આપવાની યોજના અમલમા છે. ઉકત વંચાણ (૧) થી (૪) માં જણાવેલ ઠરાવો સંકલિત કરી નીચે જણાવ્યા પ્રમાણે સંકલિત ઠરાવ બહાર પાડવામાં આવે છે.

૧. આ યોજના ગુજરાત રાજયના અનુસૂચિત જાતિના મેડીકલ/એન્જિનિયરીંગ/ ડિપ્લોમા અભ્યાસક્રમમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને અભ્યાસક્રમમાં પ્રથમ વર્ષે (એક વખત) સાધન સહાય ખરીદવા લાગુ પડશે.

૨. ભારત સરકારની પોસ્ટમેટ્રીક સ્કોલરશીપ યોજનામાં શિષ્યવૃત્તિ મેળવતાં અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને ભારત સરકારની પોસ્ટમેટ્રીક શિષ્યવૃત્તિ યોજના મુજબ રૂા.૨.૫૦ લાખ આવક મર્યાદા ધ્યાને લઇ સાધન સહાય આપવાની રહેશે.

3. આ યોજનામાં અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને નીચે મુજબના દરે સાધન સહાય આપવાની રહેશે.

| | | |
|---|---|---|
| ૧ | મેડીકલના વિદ્યાર્થીઓ માટે સહાયનું ધોરણ | રૂ!.૧૦,૦૦૦/- |
| ૨ | એન્જીનિયરીંગના વિદ્યાર્થીઓ માટે સહાયનું ધોરણ | રૂ!. ૫,૦૦૦/- |
| ૩ | ડિપ્લોમાના વિદ્યાર્થીઓ માટે સહાયનું ધોરણ | રૂ!. ૩,૦૦૦/- |

આ યોજનાની મંજુરી નીચેની શરતોને આધિન આપવામાં આવે છે.

શરતો:-

(૧) આ અંગેનો ખર્ચ જેતે વર્ષની બજેટ જોગવાઇ અને નાણાં વિભાગ ધ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રર્વતમાન નિયમોને આધિન ચાલુ તથા જરૂરિયાત પ્રમાણે આગામી નાણાંકીય વર્ષમાં પર્યાપ્ત બજેટ જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો વખતના લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

(૪) આ મંજૂરી અન્વયે કરવાના થતાં ખર્ચ અંગે નાણાંકીય ઔચિત્યના સિધ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) આ મંજુરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજય સરકારની પ્રવર્તમાન ખરીદ નિતિની જોગવાઇઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) આ યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૮) પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

આ અંગેનો ખર્ચ માંગણી નં. ૯૫ – અનુસૂચિત જાતિપેટા યોજના, મુખ્ય સદર- ૨૨૨૫- અનુસૂચિત જાતિઓ, આદિજાતિઓ અને અન્ય પછાત વર્ગોનુ કલ્યાણ,પેટા મુખ્ય સદર- ૦૧ અનુસૂચિત જાતિઓનુ કલ્યાણ, ગૌણ સદર- ૨૭૭ શિક્ષણ, પેટા સદર-(૨૬) બીસીકે-૧૨- અનુસૂચિત જાતિના મેડીકલ, એન્જીનિયરીંગ ડિગ્રી / ડિપ્લોમામાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને સાધન સહાય હેઠળ કરવાનું રહેશે.

ગુજરાત રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(સહી)

સેકશન અધિકારી

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

માન.મંત્રીશ્રી (સા.ન્યા) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

માન.રા.ક.મંત્રીશ્રી (સા.ન્યા) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

એકાઉન્ટન્ટ જનરલ અમદાવાદ/રાજકોટ

નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર

નાણાં સલાહકારશ્રી (સા.ન્યા) સચિવાલય, ગાંધીનગર

નિયામકશ્રી, અજાક, ગુ.રા. ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

સર્વે જિલ્લા નાયબ નિયામક (અનુસૂચિત જાતિ), (નિયામકશ્રી (અજાક) મારફત)

સર્વે.સમાજ કલ્યાણ અધિકારીશ્રી (પંચાયત) નિયામકશ્રી (અજાક)મારફત)

~~સર્વે~~ જિલ્લા તિજોરી અધિકારીશ્રી, (નિયામકશ્રી (અજાક) મારફત)

બજેટ શાખા, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર

કમ્પ્યુટર સેલ-શાખા, વિભાગની વેબસાઇટ પર મૂકવા વિનંતી સહ.

પસંદગી ફાઇલ.